જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૧/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૧૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૪૧ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૭૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૧૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૧૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ – **સમાચાર યાદી નં.૧૬૨૦/૨૦૨૫**

વેજલપુરઃ પિંકીબહેન ડો/ઓ પ્રહલાદભાઈ જાદવ (ઉ.વ.૪૨) (રહે. ઓમ શાંતિનગર ભાંજવાડાની સામે મકરબા રોડ વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૫ સવારના ૧૦/૩૦ થી બપોરના ૦૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૧૨,૭૦૦/– તથા રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪,૬૨,૭૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૬૨૧/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ મૌલીકભાઇ જીતેન્દ્રભાઇ પંચાલ (રહે. વંદેમાતરમ ટાઉનશીપ ગેટ નંબર–૦૧ ડી–માર્ટની બાજુમાં ગોતા) એ તા.૧૦/૧૧/૨૦૨૫ સાંજના ૫/૩૦ થી ૫/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગોતા વિશ્વાસ સીટી–૦૩ માં આવેલ સતાયુ મેડીકલ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઇ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૬,૦૮,૩૫૦/– તેમજ મોબાઇલ ફોન હતો. આ અંગેની ફરીયાદ મૌલીકભાઈ પંચાલે તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.મીસ્ત્રી ચલાવે છે.

ચાંદખેડાઃ મોહમદકલીમ સ/ઓ મોહમદનજીર શેખ (રહે. પોસ્ટલ સોસાયટી મારવેલ બેકરી પાસે સરખેજ જુહાપુરા) એ તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૨૫ કલાક ૦૧/૩૦ થી ૦૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા વિસત–ઝુંડાલ રોડ શારદા ઇન્ડિયન ઓઇલ પેટ્રોલપંપ સામે રિધમ હાર્ટ હોસ્પિટલની બાજુમાં ટાવરમાં લગાવેલ જીયો કંપનીનુ 5G BBU કાર્ડ કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૬૨૨/૨૦૨૫**

શહેરકોટડાઃ માણેકબહેન સોમચંદ મકવાણા (ઉ.વ.૭૫) (રહે. બ્લોક–૨ બીજા માળે સી કોલોની નરોડા રોડ) નાઓ તા.૨૦/૧૦/૨૦૨૫ ના રોજ દિવાળીનો તહેવાર હોય સાંજના સમયે પોતાના ઘરે દિવો સળગાવતા હતા ત્યારે દિવાની ઝાળ પહેરેલ કપડાને અડી જતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૧૧/૨૦૨૫ કલાક ૦૭/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશભાઇ વિરચંદભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૬૨૩/૨૦૨૫**

શાહીબાગઃ અસારવા જહાંગીરપુરા મુખીવાસ ખાતે આવેલ ગેડિયા કોળી ચેરીટેબલ ટ્રસ્ટની ધર્મશાળા ખાતે સીવીલના દર્દીઓને તેમજ દર્દીના સગાઓને રહેવાની સુવિધા આપતા અને ત્યાં જ રહેતા સરમણભાઇ અરજણભાઇ વાઠિયા (ઉ.વ.૭૨) (મુળ રહે. ગાયત્રી પાર્ક નિકોલ રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૧/૨૦૨૫ કલાક ૦૭/૦૦ પહેલા અસારવા ધર્મશાળા ખાતે રહેણાંકના રૂમમાં છતની લાકડાના મોભિયામા લગાવેલ લોખંડના હુકમાં રસ્સો ભરાવી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશસિંહ ક્રિનુસિંહ ચલાવે છે.

ગોમતીપુરઃ જિતેન્દ્ર ઉર્ફે જીવણ હરજીવનભાઈ જીતીયા (ઉ.વ.૫૨) (રહે. કોટવાળી ચાલી ખાડાવાળી ચાલી સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૨૦૨૫ રાતના ૦૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાથે લોખંડનો તાર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શક્તિસિંહ રણજીતસિંહ ચલાવે છે.

ઓઢવઃ જનકનંદની રામાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૩) (રહે. વૃંદાવન પાર્ક વિભાગ–૦૧ કાકા ભાજીપાવની પાછળ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૨૦૨૫ રાતના ૦૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પાવડર પી લેતા ઉલટીઓ થતા સારવાર માટે તેમને બાપુનગર સ્ટાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૧૧/૨૦૨૫ કલાક ૦૬/૦૯ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.જામંગ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી